**ફોજદારી કેસ નંબરઃ 3478-2006.**

**– આંકઃ૧ લગત હુકમ –**

તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપી સામે તપાસ પુર્ણ કરી, અત્રેની અદાલતમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ અન્વયે રિપોર્ટ રજૂ કરેલ. જેના અનુસંધાને આરોપીની ગેરહાજરીના કારણે સદર કામ ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૨૧૧ અન્વયે ડોરમેન્ટ રજીસ્ટરે મુકવામાં આવેલ અને ડોરમેન્ટ રજીસ્ટરે મુક્યા બાદ પણ આરોપી મળી આવેલ ન હતા. જેના અનુસંધાને સદર ફોજદારી કેસ પરત ખેંચવા માટે અત્રેની અદાલતમાંથી પત્ર લખવામાં આવેલ. જેનો એ.પી.પી.શ્રી દ્વારા સદર ફોજદારી કેસ, જે ડોરમેન્ટ રજીસ્ટરે મુકવામાં આવેલ છે તે પરત ખેંચવા પાત્ર છે, તે મુજબની ભલામણ કરવામાં આવેલ. ત્યારબાદ મહે.જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ નાઓ નં.ડીસી/એડીએમ/મેટ્રો કોર્ટ/લોકઅદાલત/ડોરમેન્ટ કેસ પરત/૨૦૨૨, તારીખઃ ૨૪–૦૬–૨૦૨૨ ના હુકમ અન્વયે પરત ખેંચવા મંજુરી આપેલ જે મંજુરીના અનુસંધાને એ.પી.પી.શ્રીને ફોજદારી કેસ પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવેલ, જે પરવાનગી અન્વયે એ.પી.પી.શ્રી દ્વારા અલગ પુરસીસ રજુ કરી, સદર કેસ પરત ખેંચવાની જાહેરાત કરવામાં આવેલ. જે અન્વયે નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

એ.પી.પી.શ્રી દ્વારા રજુ કરવામાં આવેલ પુરસીસ અન્વયે સદર ફોજદારી કેસ એ.પી.પી.શ્રી દ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ અન્વયે પરત ખેંચવામાં આવતો હોઈ, જે અન્વયે સદર ફોજદારી કેસ બંધ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય, તો તે હુકમ કાયમ કરવામા આવે છે તેમજ તે સિવાયનો નોન–વેલ્યુએબલ મુદ્દામાલ વાહન કે પાસપોર્ટ સિવાય હોય, તો તે યોગ્ય સમય મર્યાદા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ
તા.૨૬/૬/૨૦૨૨

(રીન્કુ રાજેશ દેસાઈ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર–૦૯, અમદાવાદ.
કોડ નંબરઃજીજે.૦૧૦૮૯.